આરતી કરવાના મુદ્દે એક જ કોમના બે જૂથો વચ્ચે હિંસક અથડામણ

સાબરકાંઠામાં 100 વાહનો સળગાવાયાં

મકાનોમાં પણ કરવામાં તોડફોડ કરવામાં આવી, 110 સામે ગુનો

ગાંધીનગર : સાબરકાંઠાના પ્રાંતિજ નજીકના મજરા ગામે શુક્રવાર રાત્રિ નજીવી બાબતે એક જ કોમના બે જૂથ વચ્ચે બોલાચાલી થતા મામલો બીચકયો હતો. જોત જોતામાં આંખોએ માહોલ હિંસક બન્યો હતો. તોફાની ટોળાઓએ 100 જેટલા વાહનોને તોડફોડ કરી આગ ચાપી હતી. જ્યારે 10 થી વધુ મકાનોમાં તોડફોડ કરી ભારે નુકસાન પહોંચાડ્યું હતું. આ ઘટનામાં 20 જેટલા લોકોને નાની મોટી ઈજાઓ થવા પામી હતી. આ ઘટનામાં પોલીસે 110 જેટલા લોકો સામે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

સાબરકાંઠાના પ્રાંતિજ તાલુકાના મજરા ગામે 18મી ઓક્ટોબરે રાત્રે ધાર્મિક સ્થળએ આરતી કરવાની બાબતે એક જ કોમના બે જૂથ વચ્ચે બોલાચાલી થઈ હતી. આ નજીવી બાબત તેમજ જૂની અદાવત રાખી બંને જૂથના લોકો સામસામે આવી ગયા હતા. જેમાં ઉશ્કેરાયેલા ટોળાએ પથ્થરમારો કર્યો હતો, તેમજ ગામમાં પાર્ક કરેલી 26 જેટલી કાર, 50થી વધુ મોટરસાયકલ, ટેમ્પા, ટ્રેક્ટર સહિત 96 થી વધુ વાહનોની તોડફોડ કરી તેમાં આગ ચાપી હતી. આ ઉપરાંત દસથી વધુ મકાનોમાં ટોળાએ તોડફોડ કરીને ભારે નુકસાન પહોંચાડ્યું હતું. આ ઘટનાને પગલે સમગ્ર ગામમાં તંગદિલીનો માહોલ સર્જાયો હતો.

ઘટનાની જાણ થતા ઉચ્ચ પોલીસ અધિકારીનો કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો. પોલીસે 110 જેટલા લોકો સામે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. અત્યાર સુધીમાં પોલીસે 30થી વધુ લોકોની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી છે. ગામમાં પરિસ્થિતિ ફરી ડોહળાઈ નહીં તે માટે પોલીસે ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દીધો છે.

ડે.સીએમ હર્ષ સંઘવીએ પદભાર સંભાળતા જ લીધો નિર્ણય

ST‌ના તમામ કર્મીઓને પેશગી એડ્વાન્સ મળશે

ફિક્સ પગારના કર્મચારીઓને જ નહીં પરંતુ તમામને 10,000 મળશે

સ્વચ્છતા અને જળ બચાવો સ્પેશિયલ ડ્રાઇવ

તારીખ 26મીથી 30મી ઓક્ટોબર દરમિયાન સ્વચ્છતા અને જળ બચાવો ઝુંબેશ અંતર્ગત રાજ્યની તમામ આરટીઓ ક્ચેરીઓ તેમજ તમામ એસ.ટી બસ સ્ટેશનમાં ખાસ ડ્રાઈવ યોજવાનો નિર્ણય લેવાયો છે. આ ડ્રાઈવમાં લીકેજ નળની મરામતની કામગીરી ઝુંબેશરૂપે શરૂ કરવામાં આવશે.

ગાંધીનગરઃ નાયબ મુખ્યમંત્રી સંઘવીએ પદભાર સંભાળતાની સાથે જ તેમના હસ્તકના વિવિધ વિભાગોના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠકો યોજી હતી. આ પૈકી, ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (GSRTC)ના ઉચ્ચ અધિકારીઓ સાથેની બેઠકમાં તેમણે નિગમના 36,000 થી વધુ કર્મશીલ કર્મચારીઓના હિતમાં મહત્ત્વનો નિર્ણય લીધો છે. આ નિર્ણયો રાજ્યના નાગરિકોને સમયસર અને સુદ્રઢ પરિવહન વ્યવસ્થા પૂરી પાડવા રાત-દિવસ કાર્ય કરતાં GSRTC કર્મચારીઓ અને તેમના પરિવારજનો માટે લેવામાં આવ્યા છે. ફિક્સ પગારના કર્મચારીઓને બદલે તમામ કર્મચારીઓને હવે 'તહેવાર પેશગી એડવાન્સ'ની રકમ અપાશે, રકમમાં પણ બમણો વધારો કરાયો છે. નિગમના તમામ કર્મચારીઓને હવે રૂ.10,000 'તહેવાર પેશગી એડવાન્સ' તરીકે આપવામાં આવશે. અગાઉ માત્ર ફિક્સ પગારના કર્મચારીઓને રૂ.5,000 સુધી આ પેશગી મળતી હતી. નાયબ મુખ્યમંત્રીએ પ્રથમ બેઠકમાં જ આ પેશગીની રકમમાં બમણો વધારો કરીને તમામ કર્મચારીઓને આ લાભ આપવાનો નિર્ણય લીધો છે.

આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરિયાએ કાર્યભાર સંભાળ્યો

ગાંધીનગરઃ શનિવારે ગાંધીનગર સ્થિત સ્વર્ણિમ સંકુલ-૨ ખાતે રાજ્ય સરકારના આરોગ્ય, પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ (સ્વતંત્ર હવાલો) તથા પ્રોટોકોલ (રાજ્યકક્ષા) મંત્રી તરીકે પ્રફુલ પાનશેરીયાએ કાર્યભાર સંભાળ્યો હતો. આ પ્રસંગે આરોગ્ય મંત્રી પાનશેરીયાએ 'સર્વજન સુખાય અને સર્વજન હિતાય' એવા શુભ સંકલ્પ સાથે સૌના કલ્યાણ માટે પ્રાર્થના કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, સીએમ ભૂપેન્દ્ર પટેલના મક્કમ નેતૃત્વ હેઠળ રાજ્યના આરોગ્ય અને તબીબી શિક્ષણ ક્ષેત્રે આધુનિકતા, કાર્યક્ષમતા અને સર્વસમાવેશી સુવિધાઓનો લાભ અંત્યોદયના માનવી સુધી પહોંચે તેવા દૃઢ સંકલ્પ સાથે રાજ્ય સરકાર, આરોગ્ય વિભાગ અને તેમની ટીમ દ્વારા કાર્ય શરૂ કરવામાં આવશે.

અમદાવાદમાં દિવાળીના દિવસે મેટ્રો ટ્રેનના સમયમાં ફેરફાર

અમદાવાદ, તા. 18 અમદાવાદ શહેરમાં દિવાળીના દિવસે મેટ્રો ટ્રેનના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. સોમવાર દિવાળીના દિવસે મેટ્રો ટ્રેન સવારે 6.20 કલાક થી સાંજે 7:20 કલાક સુધી દોડશે દિવાળીના દિવસે રાત્રિના સમયે જાહેર જગ્યા ઉપર ફટાકડા ફૂટવાની સંભવિત અસરો અને મુસાફરોની સલામતીને ધ્યાનમાં રાખીને મેટ્રો ટ્રેનના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. સોમવાર તા. 20મી ઓક્ટોબરએ દિવાળીના દિવસે મેટ્રો ટ્રેન સવારે 6.20 કલાક થી સાંજે 07:20 કલાક સુધી દોડશે. બીજા દિવસે ટ્રેન રાબેતા મુજબ ચાલશે.

હર્ષ સંઘવીએ કહ્યું એવો શ્લોક બોલો કે નાના માણસોના કામ થઇ જાય

હર્ષ સંઘવીએ નાયબ મુખ્યમંત્રી તરીકેનો ચાર્જ સંભાળ્યો

સુરત : આજે બપોરે દોઢવાગ્યાની આસપાસ સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર ખાતે આજે હર્ષ સંઘવીએ વિધિવત્ નાયબ મુખ્યમંત્રી તરીકેનો ચાર્જ સંભાળ્યો હતો હર્ષ સંઘવીને ગૃહ વિભાગનો હવાલો સોપાયો છે. આ ચાર્જ સંભાળતા પહેલા તેમણે ભગવાનના દર્શન કરીને ગુજરાતની પ્રગતિ અને નાગરિકોની જનસુખકારી માટે પ્રાર્થના કરી હતી.નવી ચેમ્બરમાં ચાર્જ સંભાલથી વખતે હર્ષ સંઘવીની ચેમ્બરમાં પૂજન પણ કરાયુ હતું. તેઓ જયારે ચેમ્બરમાં પ્રવેશ કરી રહયા હતા ત્યારે તેમણે પૂજા કરાવનાર મહારાજને કહયું હતું કે મહારાજ એક એવો શ્લોક બોલો કે અહીયા આવતા દરેક નાના માણસોના કામ થઈ જાય. ત્યારે મહારાજે મંગલમ ભગવાન વિષ્ણું... શ્લોક બોલ્યા હતા. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું કે, ગુજરાતના સીએમ ભૂપેન્દ્ર પટેલની ટીમમાં સાથી સભ્ય તરીકે ચાર્જ સંભાળવાનો અવસર મળ્યો છે.

આજે ચાર્જ સંભાળ્યા બાદ નાયબ મુખ્યમંત્રીએ વિવિધ વિભાગોના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠકો શરૂ કરી છે. તે ઉપરાંત સાથી મંત્રીઓ અને પૂર્વ મંત્રીઓ સાથે બેઠક યોજીને તેમના અનુભવનું માર્ગદર્શન તેમજ તેમના સહયોગથી ગુજરાતના નાગરિકોની સુખાકારીમાં વધુમાં વધુ વધારો થાય તે દિશામાં કામ કરવામાં આવશે. ચાર્જ સંભાળવાના આ પ્રસંગે અલગ અલગ જિલ્લાઓ અને શહેરોમાંથી ખૂબ મોટી સંખ્યામાં પધારેલા શુભેચ્છકોએ હર્ષ સંઘવીને રૂબરૂ મળીને શુભેચ્છાઓ પાઠવી હતી.

ચાંદીના ભાવો આસમાને પહોંચ્યા છે તો પણ બજારમાં ચાંદીનો પુરવઠો નથી

અતહેવારોની મોસમમાં ચાંદીની અછતને કારણે ભારતીય બુલિયન બજારોની ચમક ઝાંખી પડી રહી છે. આજે ધનતેરસ છે. ધનતેરસે ચાંદી ખરીદવાનું મહત્ત્વ છે. લોકો શુદ્ધ ચાંદીના સિક્કા ખરીદવા માગે છે, પણ બજારમાં ચાંદીની અછત છે. આ અછતનું મુખ્ય કારણ ચાંદીની સતત વધતી માંગ છે. રેકોર્ડ ઊંચા ભાવ હોવા છતાં લોકો ચાંદી ખરીદવા માટે તૈયાર છે. ઇન્ડિયન બુલિયન જ્વેલર્સ એસોસીએશન(IBJA) ની વેબસાઇટ અનુસાર, ૧૪ ઓક્ટોબરે ચાંદી ૧,૭૮,૧૦૦ રૂપિયા પ્રતિ કિલોગ્રામના ભાવે વેચાઈ રહી હતી. બજારમાં શુદ્ધ ચાંદીની માગ અચાનક વધી ગઈ છે. ઝવેરી બજારમાં ચાંદીના સિક્કા અને લગડી માટે માંગ છે. લોકો પૈસા લઈને ફરતા હોય છે, પણ તેમને ચાંદી મળી રહી નથી. હાલમાં બજારમાં ચાંદી કિલોગ્રામ દીઠ ૩૦,૦૦૦ રૂપિયા સુધીના પ્રીમિયમ પર વેચાઈ રહી છે. ગ્રાહકો હજુ પણ તેને ખરીદવા માટે તૈયાર છે. આમ છતાં, તેઓ ચાંદી ખરીદી શકતા નથી. દક્ષિણ ભારતનાં કેટલાંક શહેરોમાં તો ચાંદી સવા બે લાખ રૂપિયે કિલોગ્રામના ભાવે વેચાઈ રહી છે. અમુક ઝવેરીઓએ ચાંદી વેચવાનું જ બંધ કરી દીધું છે.

ગયા વર્ષે ચાંદી સરેરાશ ૭૫ હજાર રૂપિયા પ્રતિ કિલોગ્રામના ભાવે ઉપલબ્ધ હતી. વર્ષ ૨૦૨૫ ના પહેલા ૯ મહિનામાં ચાંદીમાં ૧૧૦ ટકાનો વધારો જોવા મળ્યો છે. કોઈએ આની અપેક્ષા રાખી ન હતી. પંજાબથી કન્યાકુમારી સુધી, દરેકને ચાંદી જોઈએ છે. કેટલાક જ્વેલર્સે વિદેશથી ચાંદી ખરીદવાનો પ્રયાસ કર્યો, પણ ત્યાં પણ અછત છે. દરેક જગ્યાએ ચાંદીની માંગ છે. હકીકતમાં, તહેવારોની મોસમની ખરીદી હોય કે રોકાણ, રોકાણકારો બંને બાબતોમાં સોનાને વધુ પસંદ કરતા હતા. પરંતુ તાજેતરના વધારા પછી, સોનું હાલમાં સામાન્ય માણસની પહોંચની બહાર નીકળી ગયું છે. IBJA અનુસાર, ૧૪ ઓક્ટોબરના રોજ ૯૯.૯ ટકા શુદ્ધિ ધરાવતું ૧૦ ગ્રામ સોનું ૧,૨૬,૧૫૨ રૂપિયામાં વેચાઈ રહ્યું હતું. ભારતીય શેરબજારોમાં પણ ગયા વર્ષ જેટલો વિકાસ જોવા મળી રહ્યો નથી. આ વાતાવરણમાં, રોકાણકારો નફાની લાલચમાં શેરબજારમાં કરેલું પોતાનું રોકાણ પાછું ખેંચીને ચાંદી ખરીદી રહ્યા છે. કેટલાંક રોકાણકારો બિટકોઇન અથવા સોનું પણ વેચીને ચાંદી ખરીદી રહ્યા છે. ચાંદીના ભાવમાં ઉછાળો રોકાણકારોને આકર્ષી રહ્યો છે.

જાન્યુઆરી ૨૦૨૫માં આંતરરાષ્ટ્રીય બજારમાં એક ઔંસ ચાંદીનો ભાવ ૨૮.૯૨ ડોલર હતો, જે ૧૫ ઓક્ટોબર સુધીમાં ૫૨ ડોલર પર પહોંચી ગયો છે. આ જ કારણ છે કે રોકાણ તરીકે ચાંદીની માંગમાં વધારો થયો છે. ઘણા નિષ્ણાતો માને છે કે ચાંદીના ભાવમાં વધારો હાલમાં ચાલુ રહી શકે છે. એસએમસી ગ્લોબલ સિક્યોરિટીઝ લિમિટેડના કોમોડિટી રિસર્ચ હેડ વંદના ભારતી કહે છે કે ઝવેરાત, વાસણો, સિક્કા જેવી વસ્તુઓ ઉપરાંત, ચાંદીનો ઉપયોગ હવે ઘણી ઔદ્યોગિક વસ્તુઓમાં પણ થઈ રહ્યો છે. તેનો ઉપયોગ સૌર ઊર્જા અને ઇલેક્ટ્રોનિક્સ ઉત્પાદનોમાં વ્યાપકપણે થાય છે. તેથી, ચાંદીની માંગ પહેલાંની સરખામણીમાં વધી છે. AIJGF ના રાષ્ટ્રીય મહાસચિવ નીતિન કેડિયાએ જણાવ્યું હતું કે વ્યાવસાયિક જરૂરિયાતો ઉપરાંત વિશ્વભરની રિઝર્વ બેંકો તેમના સોના અને ચાંદીના ભંડારમાં વધારો કરી રહી છે. વિશ્વમાં ટેરિફ વોર અને તણાવને કારણે ચાંદીને સલામત રોકાણ તરીકે જોવામાં આવી રહી છે. ભારત તેની ચાંદીની જરૂરિયાતો આયાત દ્વારા પૂર્ણ કરે છે. વેપારીઓ સામાન્ય રીતે આ વર્ષે અપેક્ષિત માંગનો અંદાજ કાઢવા માટે ભૂતકાળના વલણો જુએ છે અને તે મુજબ સ્ટોક કરે છે. ચાંદીના ભાવ વધી રહ્યા હતા, તેથી કોઈ દુકાનદારને વધારે માંગની અપેક્ષા નહોતી. તેથી તેમણે વધારે સ્ટોક રાખ્યો ન હતો. ૨૦૨૫ ના પ્રથમ આઠ મહિનામાં ચાંદીની આયાત વધીને ૩,૩૦૨ ટન થઈ ગઈ હતી. ચાંદીનો ભાવ પ્રતિ કિલોગ્રામ ૧ લાખ રૂપિયાને પાર કરતાંની સાથે જ માંગ એટલી વધી ગઈ કે દુકાનદારો પણ તેની અપેક્ષા રાખતા ન હતા.

ટુ ધ પોઇન્ટ
સમકિત શાહ

છેલ્લાં પાંચ વર્ષમાં વૈશ્વિક ચાંદીનું ઉત્પાદન માંગના પ્રમાણમાં વધ્યું નથી. આનો અર્થ એ છે કે પુરવઠો પહેલાંથી જ મર્યાદિત છે. હવે, ફક્ત બજારમાં પહેલેથી જ ઉપલબ્ધ ચાંદી જ ખરીદી અને વેચી શકાય છે અને તેની કિંમત લંડન બુલિયન માર્કેટ એસોસીએશન (LBMA) દ્વારા નક્કી કરવામાં આવે છે. લંડનના વોલ્ટમાં આ વર્ષના ઓક્ટોબર મહિનામાં આશરે ૮૦ કરોડ ઔંસ જેટલી ચાંદી હતી, પણ તેમાંની ૬૬ કરોડ ઔંસ ચાંદી વેચી શકાય તેમ નહોતી, કારણ કે તેની સામે ETF જારી કરવામાં આવ્યા હતા, જે એક પ્રકારના સિલ્વર બોન્ડ છે. આ ૬૬ કરોડ ડોલરની ચાંદી સામે બજારમાં ૨૦૦ કરોડ ઔંસ ચાંદીના ETF બહાર પાડવામાં આવ્યા છે. જો આ તમામ ETF ખરીદનારાઓ ચાંદીની ડિલિવરી માગે તો કેટલીક મોટી બુલિયન બેંકોને દેવાળું ફૂંકવું પડશે. લંડનના વોલ્ટમાં જે ૧૪ કરોડ ઔંસ ચાંદી રહી હતી તે તેજીને કારણે વેચાઈ ગઈ હતી. લંડનમાં ચાંદીની ભારે અછત પેદા થતાં તાબડતોબ ન્યુયોર્કથી વિમાનમાં ચાંદી મંગાવવામાં આવી હતી, જે સામાન્ય રીતે સ્ટીમરમાં મંગાવવામાં આવે છે. આ ચાંદી અમેરિકાથી લીઝ પર મંગાવવામાં આવી હતી. સામાન્ય રીતે લીઝ પર ચાંદી મેળવવા માટે ૧ ટકા કમિશન ચૂકવવું પડતું હોય છે, પણ આ વખતે ચાંદીની ડિમાન્ડ એટલી બધી વધી ગઈ કે ૩૯ ટકા સુધી કમિશન ચૂકવવું પડ્યું હતું. ભારે માંગને ધ્યાનમાં રાખીને LBMA વેપારીઓ પાસેથી ઊંચા પ્રીમિયમની માંગ કરી રહ્યું છે.

મોતીલાલ ઓસ્વાલ ફાઇનાન્શિયલ સર્વિસીસના એક અહેવાલ મુજબ ઔદ્યોગિક ક્ષેત્રમાંથી ચાંદીની વધતી માંગ અને રોકાણની માંગને કારણે ચાંદીનું માળખાકીય પુનર્મૂલ્યાંકન થઈ રહ્યું છે. અહેવાલ મુજબ વૈશ્વિક ચાંદીનો પુરવઠો ૩૧,૦૦૦ ટન છે, જ્યારે માંગ ૩૫,૭૦૦ ટનથી ઘણી વધારે છે. આ ૧૧.૮ કરોડ ઔંસની ખાધ દર્શાવે છે, જે સતત પાંચમા વર્ષે પણ ચાલુ રહે છે. મોતીલાલ ઓસ્વાલના કોમોડિટી રિસર્ચના વડા નવનીત દામાણી લાંબા ગાળે ચાંદી અંગે આશાવાદી રહે છે. તેમણે આગાહી કરી છે કે સ્થાનિક ચાંદીના ભાવ ૨૦૨૬ ના અંત સુધીમાં પ્રતિ કિલોગ્રામ ૨.૪૦ લાખ રૂપિયા અને ૨૦૨૭ સુધીમાં ત્રણ લાખ રૂપિયા સુધી પહોંચી શકે છે. વૈશ્વિક અને સ્થાનિક બંને બજારોમાં ભૌતિક ચાંદીની અછત સ્પષ્ટ છે. આ વર્ષે ભારતમાં ચાંદીના ETF માં અત્યાર સુધીમાં ૬૯ ટકાનો વધારો થયો છે, જેમાં ફક્ત ઓગસ્ટમાં માસિક પ્રવાહમાં ૧૮૦ ટકાનો વધારો જોવા મળ્યો છે. પીળી ધાતુની જેમ, ચાંદીના ભાવ પણ MCX પર નવી ઊંચી સપાટીએ પહોંચ્યા. ડિસેમ્બર ડિલિવરી માટે ચાંદી ૨,૪૫૪ રૂપિયા અથવા ૧.૫૧ ટકા વધીને રેકોર્ડ ૧,૬૪,૬૬૦ રૂપિયાના પ્રતિ કિલોગ્રામ થઈ ગઈ હતી. તેવી જ રીતે, માર્ચ ૨૦૨૬ ના કોન્ટ્રેક્ટમાં સતત ચોથા સત્રમાં તેનો વિજયી સિલસિલો ચાલુ રહ્યો છે, જે કોમોડિટી એક્સચેન્જ પર ૨,૬૯૯ રૂપિયા વધીને ૧,૬૪,૯૫૮ રૂપિયા પ્રતિ કિલોગ્રામની નવી ટોચ પર પહોંચ્યો હતો.

હીરાના વેપારી વિપુલ અગ્રવાલે જણાવ્યું હતું કે એક વર્ષમાં ચાંદીનો ભાવ ૯૫ હજાર રૂપિયાથી વધીને ૧.૭૮ લાખ રૂપિયા પ્રતિ કિલોગ્રામ થયો છે. તેમ છતાં, આ વખતે ગ્રાહકોમાં ચાંદી પ્રત્યેનો પ્રેમ વધ્યો છે. શ્રદ્ધા અને રોકાણ બંનેને ધ્યાનમાં રાખીને ગ્રાહકોની સંખ્યા સતત વધી રહી છે. અડધા કિલોગ્રામ ચાંદીની એક ઈંટ ૯૦ હજાર રૂપિયાની આસપાસ પહોંચી ગઈ છે. ચાંદીનો ઉપયોગ ઇલેક્ટ્રિકલ સાધનોમાં પણ થાય છે. ચાંદીના સિક્કાના વેપારી વિજય આનંદ અગ્રવાલે જણાવ્યું હતું કે જૂનો સિક્કો ૨,૧૫૦ રૂપિયા અને નવો સિક્કો ૨,૧૦૦ રૂપિયામાં વેચાઈ રહ્યો છે. વર્ષ ૨૦૨૪માં તેની કિંમત ૧,૧૦૦ રૂપિયા હતી. આ વખતે પહેલાંની જેમ બજારમાં રામલલા, પંચમુખી હનુમાન, લક્ષ્મી, ગણેશ અને કુબેરની મૂર્તિઓની માંગ છે. ઝવેરી આલોક ગુપ્તાએ જણાવ્યું હતું કે રોકાણના હેતુથી ચાંદીનાં વાસણો ખરીદવામાં આવી રહ્યાં છે. ચાંદીના વેપારી અને બુલિયન ટ્રેડર્સ એસોસીએશનના પ્રમુખે જણાવ્યું હતું કે અડધા કિલોગ્રામથી અઢી કિલોગ્રામ વજનની ચાંદીની ઈંટો વેચાઈ રહી છે. એક ઈંટની કિંમત લગભગ ૯૦,૦૦૦ રૂપિયા છે. ચાંદીના પુરવઠામાં તીવ્ર અછતને કારણે દેશના સૌથી મોટા કોમોડિટી એક્સચેન્જ MCX એ સટ્ટાખોરીને રોકવા અને કોઈ પણ ડિફોલ્ટ ટાળવા માટે તેના ચાંદીના વાયદા કરાર પર પ્રારંભિક માર્જિન વધારીને દોઢ ટકા કર્યો છે. તેવી જ રીતે, હાજર બજારમાં ઊંચા પ્રીમિયમને કારણે મુખ્ય મ્યુચ્યુઅલ ફંડોએ જોખમી સોદાઓને ટાળવા માટે તેમના ચાંદીના ભંડોળમાં નવાં રોકાણો અટકાવી દીધાં છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ગયા વર્ષે ચાંદી સરેરાશ ૭૫ હજાર રૂપિયા પ્રતિ કિલોગ્રામના ભાવે ઉપલબ્ધ હતી. વર્ષ ૨૦૨૫ ના પહેલા ૧૦ મહિનામાં ચાંદીમાં ૧૧૦ ટકાનો વધારો જોવા મળ્યો છે

BUSINESS મિત્ર

અર્થતંત્રમાં મજબૂતીના અણસારથી શેરબજારમાં તેજી

ઇન્ડેક્સ બેઝડ શેરોની તેજી પાછળ સેન્સેક્સ-નિફ્ટી ચાર મહિનાની ઉંચાઇએ, બેન્ક નિફ્ટી નવી હાઇ પર

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 18: સતત ત્રીજા સપ્તાહમાં ભારતીય બજારમાં વૃદ્ધિ ચાલુ રહી છે. એફઆઇઆઇની વેચવાલી અટકી છે અને ખરીદદાર બન્યા હોવાથી શેરબજારને બુસ્ટ મળ્યું છે, તેની સાથે ડીઆઇઆઇનો સતત સપોર્ટ, ક્રૂડ ઓઇલના ભાવમાં ઘટાડો, ફેડના વ્યાજ દરમાં ઘટાડાની અપેક્ષાઓ વચ્ચે ચાર મહિનામાં સૌથી મોટો સાપ્તાહિક લાભ નોંધાવ્યો. જોકે, યુએસ સરકાર શટડાઉન, યુએસ-ચીન ટ્રેડ તણાવ અને બેન્કિંગ સેક્ટરમાં નવેસરથી ગભરાટની ચિંતા વચ્ચે રોકાણકારો સાવચેત છે. જોકે, જીએસટીના સુધારા બાદ તહેવારી સિઝનમાં ખરીદી વધી હતી, તેમજ ખર્ચમાં પણ વૃદ્ધિ જોવા પામી છે. જેમાં ગ્રામીણ ક્ષેત્રમાંથી ખર્ચનું પ્રમાણ વધી રહ્યું હોવાના અહેવાલની પાછળ ભારતીય અર્થતંત્રમાં મજબૂતી જોવા મળી રહી છે, જેના લીધે શેરબજારમાં તેજીનો દોર આગળ વધશે.

વિતેલા સપ્તાહમાં સેન્સેક્સ 1451.37 પોઇન્ટ એટલે કે 1.75 ટકાના વધારા સાથે 83952.19 પોઇન્ટ પર બંધ રહ્યો હતો, જ્યારે નિફ્ટી 424.5 પોઇન્ટ એટલે કે 1.67 ટકાના વધારા સાથે 25709.85 ના સ્તર પર બંધ થયા હતા.

બીએસઈનો લાર્જકેપ ઈન્ડેક્સ 1.5 ટકાના વધારા સાથે બંધ થયો હતો. જેમાં અદાણી પાવર, આઇસીઆઇસીઆઇ લોમ્બાર્ડ જનરલ ઇન્શ્યોરન્સ કંપની, નેસ્લે ઇન્ડિયા, એશિયન પેઇન્ટ્સ, વારી એનર્જીસ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા વધ્યા હતા. જ્યારે ઇન્ફોસિસ, સિમેન્સ એનર્જી ઇન્ડિયા, પોલીકેબ ઇન્ડિયા, વોડાફોન આઇડિયા, ઇન્ડિયન ઓવરસીઝ બેંક, ઇન્ડસ ટાવર્સ, વિપ્રો અને પંજાબ નેશનલ બેંક ઘટ્યા હતા.

વિતેલા સપ્તાહમાં બીએસઇના મિડકેપ ઈન્ડેક્સમાં સપાટ ગતિ જોવા મળી હતી. વ્હર્લપૂલ ઓફ ઈન્ડિયા, ઓલા ઈલેક્ટ્રિક મોબિલિટી, પર્સિસ્ટન્ટ સિસ્ટમ્સ, ગોદરેજ પ્રોપર્ટીઝ, સોના બીએલડબલ્યુ પ્રિસીઝન ફોર્જિંગ્સ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા ફાઇનાન્સિયલ સર્વિસિસ, ઓબેરોય રિયલ્ટી, 360 વન ડબલ્યુએએમમાં 6થી 18 ટકાનો વધારો જોવા મળ્યો હતો. યસ બેન્ક, પીબી ફિનટેક, શેફલર ઇન્ડિયા, એમ્ક્યોર ફાર્માસ્યુટિકલ્સ, બંધન બેન્ક, ઓરેકલ ફાઇનાન્સિયલ સર્વિસીસ સોફ્ટવેર, ડિક્સન ટેક્નોલોજીસ, ગોડિજિટ જનરલ ઇન્શ્યોરન્સ, ગ્લેનમાર્ક ફાર્મા, ટાટા ટેક્નોલોજીસમાં નરમાઇ રહી હતી. બીએસઈના સ્મોલકેપ ઈન્ડેક્સમાં 0.6 ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. અમલ, મેગેલેનિક ક્લાઉડ, વીએલ ઇ-ગવર્નન્સ અને આઇટી સોલ્યુશન્સ, લોટસ ચોકલેટ કંપની, ધુનસેરી વેન્ચર્સ, વાલચંદનગર ઇન્ડસ્ટ્રીઝમાં 15થી 25 ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. બીજી તરફ શેર ઈન્ડિયા સિક્યોરિટીઝ, સ્ટેલિયન ઈન્ડિયા ફ્લોરોકેમિકલ્સ, જીએમ બ્રુઅરીઝ, તત્વા ચિંતન ફાર્મા કેમ, એમટીએઆર ટેક્નોલોજીસમાં 21થી 41 ટકાનો વધારો જોવા મળ્યો છે.

સેક્ટરલ ફ્રન્ટની વાત કરીએ તો નિફ્ટી રિયલ્ટી ઈન્ડેક્સ 4 ટકા, નિફ્ટી કેપિટલ માર્કેટ ઈન્ડેક્સ 4 ટકા, નિફ્ટી એફએમસીજી ઈન્ડેક્સ 3 ટકા, નિફ્ટી ઓટો ઈન્ડેક્સ 2 ટકા વધ્યા છે. તે જ સમયે, નિફ્ટી મીડિયા ઈન્ડેક્સ 2.7 ટકા, નિફ્ટી આઈટી ઈન્ડેક્સ 1.8 ટકા, નિફ્ટી મેટલ અને પીએસયુ બેન્ક ઈન્ડેક્સ 0.5 ટકા ઘટીને બંધ થયા હતા.

ગત સપ્તાહે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના માર્કેટ કેપમાં સૌથી મોટો વધારો જોવા મળ્યો હતો. ત્યારબાદ ભારતી એરટેલ, આઈસીઆઈસીઆઈ બેંક, એચડીએફસી બેંક આવે છે. બીજી તરફ ઈન્ફોસિસ, ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસ, ઈટર્નલના માર્કેટકેપમાં ઘટાડો જોવા મળ્યો છે.

વિદેશી સંસ્થાકીય રોકાણકારો સપ્તાહના છેલ્લા ત્રણ સત્રોમાં ચોખ્ખા ખરીદદારો રહ્યા હતા, પરંતુ સમગ્ર સપ્તાહ દરમિયાન તેઓએ 586.76 કરોડ રૂપિયાના શેરનું વેચાણ કર્યું હતું. બીજી તરફ, સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોએ 26માં સપ્તાહમાં પણ તેમની ખરીદી ચાલુ રાખી હતી અને 28044.45 કરોડ રૂપિયાના શેર ખરીદ્યા હતા.

ભારતીય રૂપિયો સપ્તાહ દરમિયાન તેની ઓલટાઇમ નીચી સપાટી 80.88ની સપાટીએ પહોંચ્યો હતો, પરંતુ આ નીચી સપાટીથી મજબૂત પુનરાગમન કર્યું હતું, જે જૂનના અંત પછી ડોલર સામે સૌથી મોટો સાપ્તાહિક નફો નોંધાવ્યો હતો. 17 ઓક્ટોબરે ભારતીય રૂપિયો 72 પૈસા વધીને 87.97 પ્રતિ ડોલર પર બંધ રહ્યો હતો, જ્યારે 10 ઓક્ટોબરે તે 88.69 પ્રતિ ડોલર પર બંધ રહ્યો હતો. સપ્તાહ દરમિયાન ભારતીય રૂપિયો 88.80થી 87.69 ની રેન્જમાં ટ્રેડ થયો હતો.

કંપનીઓના સારા પરિણામો સાથે વેલ્યુએશનને વધુ સારૂં થઇ રહ્યું હોવાનો નિષ્ણાતોનો મત

રિન્યુએબલ એનર્જી, સોલાર ઇક્વીપમેન્ટ તથા જ્વેલરી, ટુરિઝમ સેક્ટરમાં સારા દેખાવની સંભાવના

મુંબઇ, તા. 18: છેલ્લાએક વર્ષમાં બજાર માટે નોંધપાત્ર વળતર મળ્યું નથી. પરંતુ નવા વર્ષમાં બજારનો મૂડ સુધરવાની ધારણા છે. નવા વર્ષમાં કમાણીની થીમ શું હશે, જેમાં કયા ક્ષેત્રો અને શેરો સારી કમાણી કરાવશે, તેની ઉપર નિષ્ણાતના જણાવ્યા અનુસાર નવા વર્ષમાં કોર્પોરેટ કમાણીમાં સુધારો થશે જે છેલ્લા 2 વર્ષથી સપાટ છે. વ્યાજ દર અને જીએસટીના દરમાં ઘટાડો થવાથી અર્થવ્યવસ્થામાં સુધારો થયો છે. યુએસ સાથેના ટેરિફના મુદ્દા પર બજાર નજર રાખી રહ્યું છે. જો અમેરિકા સાથે ટેરિફના કિસ્સામાં સકારાત્મક સુધારો થાય તો બજારની તેજીનું વધુ ટ્રિગર આવી શકે છે. નવા સંવતમાં બજાર સારો વળતર આપશે.

છેલ્લા કેટલાક ક્વાર્ટરમાં ગ્રોથ કંપનીઓમાં સુધારો થયો છે. જોકે, તેમની કમાણીમાં વધારો થયો છે. રિન્યુએબલ એનર્જી, સોલાર ઇક્વિપમેન્ટ, સોલાર એન્જિનિયરિંગ કન્સ્ટ્રક્શન કંપની સેક્ટર પર નજર રાખવી જોઇએ. આ સિવાય જ્વેલરી કંપનીઓ જેવા શેરોનો દેખાવ સારો રહ્યો છે. તે જ સમયે, ટ્રાવેલ અને ટુરિઝમ સેક્ટરમાં, ટ્રાવેલ ઓનલાઇન, બીએલએસ ઇન્ટરનેશનલ, એસવીસીએસ જેવા શેરો ખૂબ સારા દેખાઇ રહ્યા છે. આ બધી કંપનીઓ ઉચ્ચ વૃદ્ધિ ધરાવતી કંપનીઓ છે જે વાજબી મૂલ્યાંકન પર ઉપલબ્ધ છે.

સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

સટાન્ડર્ડ સોનું	૧૩૨૫૦૦
તેજાબી સોનું	૧૩૨૪૧૦
દાગીના-૨૨ કેરેટ	૧૨૫૮૭૫